**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૪ ડિસેંબર ૨૦૧૨**

## ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયનના રામ નાઈક અધ્યક્ષ, અને ચંદ્રશેખર ધર્માધિકારી માર્ગદર્શક

**મુંબઈ,મંગળવાર :** કુષ્ઠપીડિતો માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કિર્તીનું કાર્ય કરનારી ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયનના અધ્યક્ષપદે માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકની નિર્વિરોધ પસંદગી થયેલ છે. તેમજ માજી ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રશેખર ધર્માધિકારીને સંસ્થાએ 'માર્ગદર્શક' (પેટ્રન) તરીકે નું સ્થાન આપેલ છે. ઈંટરનૉશનલ લેપ્રસી યુનિયન ની અખબારી યાદીમાં આ માહિતી આપવામાં આવેલ છે.

ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયનની હાલમાંજ પૂના ખાતે થયેલ વાર્ષિક સર્વસાધારણ સભામાં આ નિમણૂક કરવામાં આવેલ છે. દેશ આખામાં કુષ્ઠપિડીતો માટે કામ કરનારી સંસ્થાઉને સાથે લઈ કુષ્ઠપિડીતો ના સક્ષમીકરણ માટે શ્રી રામ નાઈક ના પ્રયત્નો સર્વવિદિત છે. તેથીજ ગયા વર્ષે ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયને કુષ્ઠપિડીતો ના માનવી હકક સંરક્ષણ માટે નિમાયેલ રાષ્ટ્રીય સમિતી નું અધ્યક્ષપદ શ્રી રામ નાઈક ને આપ્યું હતું. ત્યારબાદ હવે શ્રી રામ નાઈકના માર્ગદર્શન હેઠળ કુષ્ઠપિડીતોને સાતત્યપૂર્વક લાભ મળે તે ખાતર તેમની સંસ્થા ના અધ્યક્ષપદે બીનવિરોધ વરણી કરવામાં આવેલ છે. ડૉ.શરદ્ચંદ્ર ગોખલે ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયન ના માનદ્ અધ્યક્ષ છે.

દિવંગત માજી રાષ્ટ્રપતી શ્રી વેંકટરામન આ સંસ્થાના ‘માર્ગદર્શક’ હતા. હવે તે બહુમાન નિવૃત ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રશેખર ધર્માધિકારી ને આપવાનો નિર્ણય પણ સર્વસાધારણ સભાએ લીધેલ છે. મહારાષ્ટ્ર સરકારના સહ સંચાલક, આરોગ્ય સેવા, કુષ્ઠરોગ અને ક્ષય રોગ વિભાગ આ પદો પરથી હાલ માંજ નિવૃત થયેલા મેજર ડૉ. પ્રદિપ ગાયકવાડ ની હવે ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયન ના કાર્યકારી સંચાલક તરીકે વરણી કરવામાં આવી હોવાની માહિતી પણ અખબારી યાદીમાં આપવામાં આવેલ છે.

ઈંટરનૅશનલ લેપ્રસી યુનિયનની પસંદગી સમિતીએ દેશભરના કુષ્ઠપિડીતોની વસાહતોમાં રહેનાર તેમજ કુષ્ઠદર્દીઓ માટે ઉલ્લેખનીય સેવાકાર્ય કરનારી મહિલાઓમાંથી દસજણની પસંદગી કરી હોવાથી વહેલીતકે આ દસ બહેનો ને વિશેષ પુરસ્કાર આપી તેમનો સત્કાર કરવામાં આવશે, તેમ પણ જાહેર કરવામાં આવેલ છે.

**(કાર્યાલય સચિવ) વતી**

**નોંધ : શ્રી રામ નાઈક અને ન્યા.ચંદ્રશેખર ધર્માધિકારી ના ફોટા ઈમેલ મારફત પાઠવવામાં આવેલ છે.**